**સેશન્સ કેસ નંબરઃ–૪૭/૨૦૨૫**
**આંક –૨૪**

| સેશન્સ કેસ નંબરઃ– ૪૭/૨૦૨૫ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૩ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | સોલંકી જોધાજી ભુરાજી | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9879880102 |
| ઉંમર આશરે | ૩૮ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | ભાટીબ તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હું બાર ધોરણ પાસ છું. મને ફકત સહી કરતા આવડે છે. આજથી બે એક વર્ષ પહેલા હું મારા ગામ ધરણોધરથી ખેતરે જતો હતો ત્યારે પોલીસે મને એક તૈયાર કાગળમાં સહી લીધેલી. તે સહી શી બાબતની હતી તેની કોઈ સમજ પોલીસે કરેલી નહી. મારી હાજરીમાં કોઈ પંચનામુ થયેલ નથી. હું પંચનામા વિશે જાણતો નથી. મને પોલીસ કર્મચારી પ્રકાશભાઈ અરજણભાઈએ કોઈ બનાવવાળી જગ્યા બતાવેલ હોય તેવુ બનેલ નથી અને બનાવવાળી જગ્યાએ કોઈ એફ.એસ.એલ. અધિકારી ડી.એન.પટેલ સાહેબ હાજર હોય તેવુ બનેલ નથી. તેઓએ મારી હાજરીમાં બનાવવાળી જગ્યાએથી એફ.એસ.એલ.માં મોકલવા કોઈ નમુના લીધેલ હોય તેવુ બનેલ નથી. બનાવવાળી જગ્યા કયા આવેલ છે તેની મને ખબર નથી.

મુદામાલ મારી હાજરીમાં લાકડીઓ, ધોકાઓ, બે બાઈકો, તથા ચાર ટ્રેકટર, લોખંડની પાઈપો કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને બતાવવામાં આવે તો હું ઓળખી શકુ નહી.

મને આંક:૨૩વાળું બનાવવાળી જગ્યા તથા હથિયારી પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૨ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું.

**હોસ્ટાઈલ**

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે તા.૨૮/૯/૨૩ના સવારના સવા અગિયાર વાગે પોલીસે મને ધરણોધર ગામમાં આવેલ હંસાજી મગાજી પુરોહીતના ખેતરમાં પંચ તરીકે બોલાવેલા. ત્યાં એક પોલીસ કર્મચારી પ્રકાશભાઈ

સાહેદની સહી.............................

અરજણભાઈ હાજર હતા અને તેમણે બનાવવાળી જગ્યા બતાવેલી તથા ત્યાં એફ.એસ.એલ. અધિકારી બી.એમ.પટેલ સાયન્ટીફ ઓફિસર મોબાઈલ વાન પાલનપુરનાઓ હાજર હતા. ત્યાં ગુનાવાળી જગ્યાએ હંસાજી મગાજી પુરોહીત પણ હાજર હતા. જેઓએ બનાવવાળી જગ્યા બતાવેલ. જે બે થી ત્રણ વિઘાનુ ખુલ્લુ ખેતર હતુ જેમાં કોઈ વાવેતર કરવામાં આવેલ ન હતું. તેથી એફ.એસ.એલ. અધિકારીએ અમો પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાએથી લાલ રંગનો વનસ્પતિજન્ય પાવડરનો ભુકો અમો પંચોની હાજરીમાં એક પ્લાસ્ટીકની પારદર્શક ડબીમાં લીધેલો. તેમજ બનાવવાળી જગ્યાએથી એક સફેદ રંગની પ્લાસ્ટીકની બંગડીના ટુકડાઓ અમો પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલ. તેમજ બે દાતરડા જે મરૂન જે વા રંગના હતા તે અમો પંચોની હાજરીમાં તપાસ અર્થે કબજે કરેલ. તેમજ સદર જગ્યાએથી પૂર્વ દિશાએ આશરે ૧૦૦ફુટના અંતરેથી ત્રણ જોડી ચંપલ અમો પંચોની હાજરીમાં કબજે કરેલ જેના ઉપર ત્રિશુળનો માર્કો હતો. તેમજ સદર જગ્યાએથી ઝાડના થડ પાસેથી વાસના લાકડાની લાકડીઓ તેમજ ધોકાઓ જેના ઉપર પીળા કલરના છાકડા ચઢાવેલ હતા જે અમો પંચોની હાજરીમાં તપાસ અર્થે કબજે કરેલ. તેમજ ત્યાંથી અવિજળ આડ જાતનું લાકડુ અમો પંચોની હાજરીમાં કબજે કરેલ જેની લંબાઈ ૬ ફુટ ૪ ઈંચ હતી. સદર જગ્યાની ચતુર્થ સીમા જોતા ધરણોધર જડીયા પાસે જવાનો પાકો રોડ આવેલ હતો અને પશ્ચિમે હંસાજી મગાજી પુરોહીતનું ખેતર આવેલ હતુ અને ઉતર દિશામાં ખેતરનો શેઢો છોડી વીજસ્ટેશન જતો ડામર રોડ આવેલ હતો અને દક્ષિણ દિશામાં હંસાજી મગાજી પુરોહીતનુ ખેતર આવેલ હતું. એ વાત ખરી નથી કે ઉપરકોત પંચનામુ અમો પંચોની હાજરીમાં થયેલ હોવા છતા આરોપીઓને બચાવવા માટે સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી....**

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી કે.બી.ત્રિવેદી</u>**

(૨) એ વાત ખરી છે કે પોલીસના કહેવાથી મે સહી કરેલી.

**વિશેષ ઉલટતપાસ નથી,**

**ફેર તપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબજુબાનીઆપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૫/૦૪/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી...........................